RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 261* Date: 18.07.2022, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# હું ભારત એક સેમિનારમાં સામેલ થવા જરૂર આવ્યો હતો,

## પરંતુ ત્યાં મારી હામિદ અંસારી સાથે કોઈ મુલાકાત થઈ નહોતી

### પાક. પત્રકાર બાબતે નવું ટ્વીસ્ટ, નુસરત મિર્ઝાએ અંસારીને લઈને મોટી વાત કહી



ઈસ્લામાબાદ,તા.૧૭

પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ અંસારી અને પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાને લઈને શરૂ થયેલો વિવાદ થોભવાનું નામ લઈ રહ્યો નથી. પહેલા ભારતીય જનતા પાર્ટીએ પાકિસ્તાની પત્રકારના વીડિયોનો સંદર્ભ આપતા હામિદ અંસારી અને કોંગ્રેસ પર પ્રહાર કર્યો હતો. ભાજપે હામિદ અંસારી અને નુસરત મિર્ઝાની તસવીર શેર કરતા આરોપ લગાવ્યો કે, બંને વર્ષ ૨૦૦૯માં આતંકવાદ પર ભારતમાં આયોજિત એક સંમેલનમાં કથિત રીતે મંચ શેર કરતા નજરે પડી રહ્યા છે.

તેના જવાબમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ તરફથી કહેવામાં આવ્યું કે, તેઓ પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાને ક્યારેય મળ્યા નથી. એ સિવાય તેમણે નુસરત મિર્ઝાને કોઈ પણ કાર્યક્રમ માટે આમંત્રિત કર્યા નથી. આ આખા વિવાદમાં જે વ્યક્તિના નામને લઈને સૌથી વધારે ચર્ચા થઈ રહી છે તે પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝા છે. પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાએ એક ન્યૂઝ ચેનલ સાથે વાતચીતમાં આ વિવાદ પર પોતાની સ્પષ્ટતા આપી હતી. નુસરત મિર્ઝાએ કહ્યું કે, હું હામિદ અંસારીને પર્સનલી મળ્યો નથી. હું ભારત એક સેમિનારમાં સામેલ થવા જરૂર આવ્યો હતો, પરંતુ ત્યાં મારી હામિદ અંસારી સાથે કોઈ મુલાકાત થઈ નહોતી.


તેણે કહ્યું કે, મારો હામિદ અંસારી સાથે જોઈ સંબંધ નથી. હું માત્ર સેમિનારમાં સામેલ થવા માટે ત્યાં ગયો હતો.

જ્યાં સુધી સેમિનારમાં હામિદ અંસારી સાથે મુલાકાત કરવાની વાત છે. તેઓ માત્ર ત્યાં આવ્યા અને સેમિનારનું ઉદ્દઘાટન કરીને ત્યાંથી જતા રહ્યા. આ દરમિયાન અમારી વચ્ચે કોઈ વાતચીત ન થઈ. મ્મ્ઝ સાથે વાત કરતા નુસરત મિર્ઝાએ દાવો કર્યો કે, પાકિસ્તાનના તાત્કાલિન વિદેશ મંત્રી ખુર્શીદ કસૂરી સાથે તેમણે જે દસ્તાવેજ શેર કર્યા હતા, તેનું ભારત સાથે કોઈ લેવું-દેવું નહોતું. એ દસ્તાવેજ રશિયા બાબતે હતા. જેમાં રશિયાએ પાકિસ્તાન પર તેને તોડવાને લઈને આરોપ લગાવ્યા હતા.તેણે એ પણ દાવો કર્યો કે, દસ્તાવેજ વર્ષ ૨૦૦૫ના સેમિનાર સાથે જોડાયેલા હતા. આ અગાઉ પાકિસ્તાની પત્રકારે એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં તેણે ૫ વખત ભારતનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેણે ગુપ્ત જાણકારીઓ પાકિસ્તાનની આઈએસઆઈને ઉપલબ્ધ કરાવી હતી.

નુસરત મિર્ઝાએ પોતાના ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, તે હામિદ અંસારીના આમંત્રણ પર ભારત આવ્યો હતો. આ દરમિયાન તેણે ભારતમાં આતંકવાદ પર આયોજિત સેમિનારમાં ભાગ લીધો હતો. આ સેમિનારને હામિદ અંસારીએ પણ સંબોધિત કર્યો હતો.

# રાજસ્થાનમાં આમ આદમી પાર્ટી તમામ વિધાનસભાની બેઠક પર ચૂંટણી લડશે

**કેજરીવાલના વિકાસના મોડલ પર લોકોની સમસ્યાઓના ઉકેલ માટે રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં ઉતરવાની તૈયારી કરી**



જયપુર,તા.૧૭

રાજસ્થાનમાં ભલે ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી છે, પરંતુ રાજયનું રાજકારણ અત્યારથી જ ગરમાઈ ગયું છે. એક તરફ કોંગ્રેસ સરકાર લોકોને રીઝવવામાં કોઈ કસર છોડી રહી નથી. બીજી તરફ ભાજપે પણ પોતાનું સંગઠન મજબૂત કરવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન, આમ આદમી પાર્ટી પણ રાજસ્થાનના ચૂંટણી જંગમાં ઉતરી છે. શુક્રવારે છછઁએ રાજયની તમામ ૨૦૦ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ માટે પાર્ટીના કાર્યકરોએ ગામડે ગામડે પ્રચાર પણ શરૂ કરી દીધો છે. રાજયના ઈતિહાસમાં આ પહેલીવાર બનશે જ્યારે કોઈ ત્રીજો પક્ષ તમામ ૨૦૦ બેઠકો પર ચૂંટણી લડશે.રાજસ્થાનમાં ગામ સંપર્ક અભિયાન આમ આદમી પાર્ટીના રાજસ્થાન એકમ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું કે, પાર્ટીએ વિધાનસભા ચૂંટણીની તૈયારી માટે ૧૫ જુલાઈથી ગ્રામીણ વિસ્તારોના સંગઠનને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. હિમાચલ અને ગુજરાત આમ આદમી પાર્ટીના પ્રભારી અને રાજ્યસભાના સાંસદ ડૉ. સંદીપ પાઠકે રાજસ્થાનમાં ગ્રામ સંપર્ક અભિયાન શરૂ કર્યું છે. આપ નેતાઓનું કહેવું છે કે આઝાદી બાદ કોંગ્રેસ અને ભાજપે વિકાસના નામે રાજસ્થાનની જનતા સાથે છેતરપિંડી કરી છે. આપ પાર્ટીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વિકાસના મોડલ પર લોકોની સમસ્યાઓના ઉકેલ માટે રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં ઉતરવાની તૈયારી કરી લીધી છે. આ માટે ગ્રામ્ય કક્ષાએથી સંગઠનને મજબૂત કરવાની કવાયત શરૂ કરવામાં આવી રહી છે. આ પછી સર્કલ, જિલ્લા કક્ષાએ અને ડિવિઝન કક્ષાએ સંગઠનને મજબૂત કરવામાં આવશે. રાજ્ય સ્તરે સંગઠન તૈયાર કરતા પહેલા પાર્ટી દ્વારા રાજસ્થાનમાં સર્વે કરવામાં આવશે. આમ આદમી પાર્ટીના થિંક ટેક્ર ગણાતા ડો. સંદીપ પાઠક અને તેમની ટીમ આ દિવસોમાં રાજસ્થાન તેમજ છત્તીસગઢ અને ગુજરાતમાં પાર્ટીના પાયાને મજબૂત કરવા માટે કામ કરી રહી છે.

અરવિંદ કેજરીવાલે પંજાબ મુંગેલી જિલ્લાના ડો.સંદીપ પાઠકને પંજાબથી રાજયસભામાં મોકલ્યા છે. આપ કાર્યકર્તાઓની ટીમ દિલ્હી અને પંજાબના વિકાસ મોડલને રાજસ્થાનના લોકો વચ્ચે લઈ જશે. પાર્ટી રાજયના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની મૂળભૂત સમસ્યાઓના ઉકેલ માટે સંગઠન માળખું તૈયાર કરી રહી છે. ૧૧૦૦૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારોમાં સભા વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી ગ્રામ સંપર્ક અભિયાનમાં ૧૧૦૦૦થી વધુ ગ્રામીણ વિસ્તારોમાં સભાઓનું આયોજન કરશે. પાર્ટીના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ આમ આદમી પાર્ટીના સિદ્ધાંતો પર જનતા સાથે અન્ય પાર્ટીઓની પ્રવૃત્તિઓ પર ચર્ચા કરશે. સાંસદ સંદીપ પાઠક કહે છે કે આ સંપર્ક અભિયાનમાં પક્ષની સ્વચ્છ છબીની સાથે સામાન્ય માણસ સાથે જોડાય તેવા પ્રયાસો કરવા જોઈએ. તાજેતરના પ્રશિક્ષણ શિબિરને સંબોધતા સાંસદ સંદીપ પાઠકે કહ્યું છે કે દિલ્હી અને પંજાબમાં વિકાસના પરિવર્તન માટેના રોડમેપ પર રાજસ્થાનના લોકોનો વિશ્વાસ જીતી શકાય છે.

# મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને સ્થગિત કર્યા

**લોકસભા અને રાજ્યસભાના સાંસદોની બેઠક બોલાવી**



કોલકતા,તા.૧૭

એનડીએએ ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખડના નામની જાહેરાત કરી છે.આ જાહેરાત બાદ તરત જ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને સ્થગિત કરી દીધો છે.

તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ૨૧ જુલાઈના બદલે હવે ૯ ઓગસ્ટે પાર્ટીના લોકસભા અને રાજયસભાના સાંસદોની બેઠક બોલાવી છે,જેમાં સંસદના આગામી સત્ર અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને પાર્ટીના કાર્ય યોજના પર ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકની જાહેરાતની થોડી જ મિનિટોમાં એનડીએએ ધનખડને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા.આ જાહેરાત બાદ તરત જ તૃણમૂલ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.નવા કાર્યક્રમ હેઠળ હવે ટીએમસી સાંસદોની બેઠક ૨૧ જુલાઈના બદલે ૯ ઓગસ્ટે યોજાશે. પાર્ટી તરફથી મળેલી માહિતી અનુસાર, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આગામી સંસદ સત્ર અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે પાર્ટીની રણનીતિ પર ચર્ચા કરવા માટે લોકસભા અને રાજયસભાના સાંસદોની બેઠક બોલાવી છે.

તમને જણાવી દઈએ કે ભૂતકાળમાં પશ્ચિમ બંગાળના ગવર્નર જગદીપ ધનખડ અને મુખ્યપ્રધાન મમતા બેનર્જી વચ્ચે ટકરાવની ચર્ચાએ જોર પકડ્યુ હતુ.જ્યા પશ્ચિમ બંગાળ એસેમ્બલીએ મમતા બેનર્જીને યુનિવર્સિટીઓના ચાન્સેલર બનાવવાનું બિલ પાસ કર્યું હતુ,પરંતુ રાજયપાલે મુખ્યમંત્રી મમતા બેનર્જીને રાજયની યુનિવર્સિટીઓના ચાન્સેલર બનાવવાનું બિલ પરત કરી દીધુ હતુ. જે બાદ રાજયપાલે તેને મંજૂરી આપી દીધી હતી.

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ ૧૪ જૂનના રોજ રાજયની વિધાનસભામાં પશ્ચિમ બંગાળની યુનિવર્સિટીઓના કુલપતિના રાજયપાલને બદલવા માટે એક બિલ પસાર કર્યું હતું. આ સાથે ખાનગી યુનિવર્સિટીઓમાંથી રાજયપાલની મુલાકાતને દૂર કરવા માટે એક બિલ પણ પસાર કરવામાં આવ્યું હતું.

# મુલાયમસિંહ આઇએસઆઇ એજન્ટ છે તેવું કહેનાર યશવંત સિન્હાને સપા કેમ સમર્થન આપે છે : કેશવ પ્રસાદ મૌર્ય



લખનૌ,તા.૧૭

રાષ્ટ્રપતિ પદ માટે ૧૮ જુલાઈએ મતદાન થનાર છે અને ૨૧ જુલાઈએ પરિણામ આવનાર છે પરંતુ તે પહેલા વિરોધ પક્ષના ઉમેદવાર યશવંત સિન્હા વિરોધ પક્ષોથી પોતાના પક્ષમાં સમર્થનની અપીલ કરી રહ્યાં છે ઉત્તરપ્રદેશમાં ભાજપ અને તેના સાથીઓ ઉપરાંત શિવપાલ સિંહ યાદવ,રાજા ભૈયાની જનસત્તા દળ અને ઓમપ્રકાશ રાજભરની સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીએ પણ એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી છે.જો કે સમાજવાદી પાર્ટીએ વિરોધ પક્ષના ઉમેદવાર યશવંત સિન્હાને સમર્થન આપવાની જાહેરાત કરી છે પરંતુ યશવંત સિન્હાને લઇ ભાજપે હવે સમાજવાદી પાર્ટી પર નિશાન સાધ્યું છે.હકીકતમાં યોગી સરકારમાં નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યે યશવંત સિન્હાનો ઉલ્લેખ કરતા અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટી પર નિશાન સાધ્યું છે.એક સમયે જ્યારે યશવંત સિન્હા ભાજપમાં હતાં અને તે દરમિયાન તેમણે મુલાયમસિંહને આઇએસઆઇના એજન્ટ બતાવ્યા હતાં યશવંત સિન્હાના નિવેદનની એક જુની કટઆઉટ ટ્વિટર પર શેયર કરી કેશવ પ્રસાદ મૌર્યે લખ્યું છે કે સપા અધ્યક્ષ શ્રી અખિલેશ યાદવ જી જેમને તમે રાષ્ટ્રપતિ પદ માટે સમર્થન આપી રહ્યા છો શ્રી મુલાયમસિંહ યાદવજી માટે આપેલા નિવેદન પર શું કહેશો.એ યાદ રહે કે સિન્હાને વિરોધ પક્ષોએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવ્યા છે પરંતુ વિરોધ પક્ષના જ અનેક પક્ષોએ એનડીએના ઉમેદવારને સમર્થન આપવાની જાહેરાત કરી છે.ઝારખંડમાં કોંગ્રેસના સાથી ઝારખંડ મુક્તિ મોરચાએ મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી છે તો મહારાષ્ટ્રમાં શિવસેનાએ પણ મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી છે.આંધ્રમાં પણ ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસ બંન્ને જ એનડીએના સમર્થનમાં મતદાન કરવાની જાહેરાત કરી ચુકયા છે.આમ રાષ્ટ્રપતિ પદની ચુંટણીમાં મુર્મૂની જીત પાક્કી મનાઇ રહી છે.

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં જગદીપ ધનખરની જીત નિશ્ચિત! ભાજપને કોઈના સમર્થનની જરૂર નથી;

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની ચર્ચાએ જોર પકડ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ બંગાળના રાજયપાલ જગદીપ ધનખરને ઉપરાષ્ટ્રપતિ પદ માટે પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. આ સાથે કોંગ્રેસ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને અન્ય વિપક્ષી પાર્ટીઓ આવતીકાલે બેઠક કરશે. પક્ષની સંસદીય બોર્ડની બેઠક બાદ ભાજપના ઉપાધ્યક્ષના નામની જાહેરાત કરવામાં આવી હતી.ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર જગદીપ ધનખરની જીત લગભગ નિશ્ચિત છે. બીજેપીને અન્ય કોઈ વિરોધ પક્ષોના સમર્થનની જરૂર નથી. નોંધનીય છે કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદના બંને ગૃહોના સાંસદો જ પોતાનો મત આપી શકે છે. એટલે કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભામાં ૫૪૩ અને રાજયસભામાં ૨૩૨ સાંસદો મતદાન કરે છે. લોકસભામાં ભાજપ પાસે જંગી બહુમતી છે. લોકસભામાં ભાજપ અને એનડીએના કુલ ૩૦૩ સાંસદો છે. તે જ સમયે, રાજયસભામાં ભાજપના ૯૧ સાંસદો છે. તાજેતરમાં યોજાયેલી રાજયસભાની ચૂંટણીમાં ભાજપે ૩ બેઠકો ગુમાવી છે, જ્યારે પેટાચૂંટણીમાં ભાજપને લોકસભાની બે બેઠકોનો ફાયદો થયો છે.ઉપપ્રમુખ તરીકે ભાજપના ઉમેદવાર જગદીપ ખંખરની પસંદગી લગભગ નિશ્ચિત છે. ઈલેક્ટોરલ કોલેજમાં દેશના ઉપરાષ્ટ્રપતિની પસંદગી કરવા માટે સંસદ, લોકસભા અને રાજયસભાના બંને ગૃહોના સભ્યો હોય છે. સંસદમાં વર્તમાન સંખ્યાબળ ૭૮૦ છે, જેમાંથી માત્ર ભાજપના ૩૯૪ સાંસદો છે. જીતવા માટે ૩૯૦ થી વધુ વોટ જરૂરી છે. એટલે કે ભાજપ પાસે જરૂરી મતો કરતાં ૪ મત વધુ છે. આ રીતે કહી શકાય કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપની જીત નિશ્ચિત છે. જણાવી દઈએ કે ચૂંટણી પંચે ૨૦૨૨ની ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે.

# સુપ્રીમ કોર્ટનો ચુકાદો ના આવે ત્યા સુધી મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા સંજય રાઉતની માંગ

મુંબઈ,તા.૧૭

શિવસેનાના સાંસદ સંજય રાઉતે ટ્વિટ કરીને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની વિનંતી કરી છે. સંજય રાઉતે કહ્યું કે બાર્બાડોસ જેવા દેશમાં જ્યાં વસ્તી માત્ર ૨.૫ લાખ છે, ત્યાં ૨૭ મંત્રીઓ છે. પરંતુ મહારાષ્ટ્રની વસ્તી ૧૨ કરોડ હોવા છતાં અહીં કેબિનેટમાં માત્ર ૨ લોકો છે.આ બંને મંત્રીઓ રાજયને લગતા તમામ નિર્ણયો લઈ રહ્યા છે. તેથી જ્યાં સુધી સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેંચનો નિર્ણય ન આવે ત્યાં સુધી મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું જોઈએ. સંજય રાઉતે ટ્વીટ કરીને આ માંગણી કરી છે. તેણે પોતાના ટ્વીટમાં સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસના શપથ ગ્રહણનો ફોટો પણ શેર કર્યો છે. સંજય રાઉતે મહારાષ્ટ્રના રાજયપાલને પણ પૂછ્યું છે કે શું રાજય બંધારણ મુજબ ચાલી રહ્યું છે?

અંગ્રેજીમાં કરવામાં આવેલા આ ટ્વિટ પહેલા સંજય રાઉતે મરાઠીમાં વધુ એક ટ્વિટ કર્યું છે. આ ટ્વીટમાં તેમણે બંધારણની કલમ ૧૬૪-૧એને ટાંકીને કહ્યું છે કે રાજય કેબિનેટમાં ૧૨ મંત્રી હોવા જરૂરી છે. જો સંખ્યા આનાથી ઓછી હોય તો બંધારણ તે મંત્રીમંડળને માન્યતા આપતું નથી. સંજય રાઉતનું કહેવું છે કે છેલ્લા ૨ અઠવાડિયાથી મહારાષ્ટ્રના ૨ મંત્રીઓ (શિંદે-ફડણવીસ) દ્વારા અત્યાર સુધી લેવામાં આવેલા નિર્ણયોની કોઈ બંધારણીય માન્યતા નથી. ગવર્નર આ બધું શું ચાલી રહ્યું છે?સંજય રાઉતના આ સવાલના જવાબમાં ભાજપના ધારાસભ્ય આશિષ શેલારે કહ્યું છે કે, શું સંજય રાઉત બંધારણને સમજે છે? તે એક ફિલ્મ પ્રોડ્યુસર છે. તેમણે ગજની પિક્ચર જોવું જોઈએ. કારણ કે તેમને ભુલવાની બિમારી છે. મહા વિકાસ આઘાડી સરકારનું કેબિનેટ વિસ્તરણ ૩૨ દિવસ સુધી થયું ન હતું. ત્યા સુધી માત્ર ૭ મંત્રીઓએ જ નિર્ણય લીધા હતા. તો પછી તેમણે લીધેલા નિર્ણયો પણ રદ થવા જોઈએ. કારણ કે તે સમયે પણ ૧૨ મંત્રીઓ કેબિનેટમાં નહોતા.

## તંત્રી સ્થાનેથી...

# પ્રતિબંધોમાં છૂટ

*અમેરિકાની સંસદના નીચલા સદન એટલે કે પ્રતિનિધિ સભા તરફથી રાષ્ટ્રીય રક્ષા પ્રાધિકરણ અધિનિયમમાં સંશોધનના પ્રસ્તાવને સ્વીકૃતિ મળવી ભારત માટે રાહતના એક મોટા સમાચાર છે. આ પ્રસ્તાવ પસાર થવાનો અર્થ છે ભારતને કાટ્સા કાયદા અંતર્ગત પ્રતિબંધમાંથી છૂટ મળવાનો રસ્તો સાફ થઈ જવો. અમેરિકા આ કાયદા અંતર્ગત એ દેશો પર પ્રતિબંધ લગાવે છે, જે ઈરાન, ઉત્તર કોરિયા અને રશિયા સાથે કોઈ પ્રકારની લેવડદેવડ કરે છે. એક અરસાથી ભારત પર આ કાયદાની તલવાર લટકી રહી હતી. રહી-રહીને આશંકાઓ પેદા થતી હતી કે અમેરિકા આ કાયદાનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરી શકે છે, કારણ કે તે રશિયા પાસેથી મિસાઈલ રક્ષા પ્રણાલી એસ-૪૦૦ હાંસલ કરી રહ્યું છે. એ સારું થયું કે અંતે અમેરિકાએ માન્યું કે ભારત વિરુદ્ધ કાટ્સાનો ઉપયોગ કરીને તે ભારતીય હિતોની વિરુદ્ધ જ કામ કરશે. જો અમેરિકા રશિયા પાસેથી મિસાઈલ રક્ષા પ્રણાલી ખરીદવાને કારણે ભારત વિરુદ્ધ કોઈ પગલું ભરતું તો તેનાથી બંને દેશોના સંબંધો પર વિપરીત પ્રભાવ પડ્યો હોત, સાથે જ ચીનના દુસ્સાહસને પણ બળ મળ્યું હોત, જે છેલ્લા કેટલાક સમયથી અતિક્રમણનું વલણ અપનાવી રહ્યું છે.*

*જોકે ભારતને રશિયા પાસેથી રક્ષા સામગ્રીની ખરીદીની છૂટ આપનારા પ્રસ્તાવને સત્તાપક્ષની સાથે વિપક્ષના સદસ્યોનું પણ સમર્થન મળ્યું, તેથી અમેરિકી સંસદના ઉચ્ચ સદન એટલે કે સેનેટમાથી પણ આ પ્રસ્તાવને લીલી ઝંડી મળવાની પ્રબળ સંભાવના છે. તેની અવગણના ન કરી શકાય કે અમેરિકી પ્રતિનિધિ સભાથી ભારતને વિશેષ છૂટ આપનારા પ્રસ્તાવને એક એવા સમયે મંજૂરી મળી છે, જ્યારે યુક્રેન સંકટ બાદથી અમેરિકા અને તેના સહયોગી દેશ એ દબાણ બનાવવામાં લાગ્યા છે કે નવી દિલ્હી મોસ્કોથી અંતર વધારે અને તેની સાથે પોતાના આર્થિક-વેપારી સંબંધો પર વિરામ લગાવે. ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિનો ઉલ્લેખ કરીને એનાથી સતત ઈનકાર કરી રહ્યું છે. તેની સાથે જ એ પણ સ્પષ્ટ કરી રહ્યું છે કે તે યુક્રેન પર રશિયાના હુમલાનું સમર્થન નથી કરતું. જોકે અમેરિકી પ્રતિનિધિ સભામાં રાષ્ટ્રીય રક્ષા પ્રાધિકરણ અધિનિયમમાં સંશોધનના પ્રસ્તાવને સ્વીકૃતિ આપતી વખતે એ વાતને વિશેષ રૂપે રેખાંકિત કરવામાં આવી કે ચીન પોતાના આક્રમક વલણને કારણે ભારતની સુરક્ષા માટે ખતરો બની ગયું છે, તેથી બેજિંગને એ પણ સમજાય તો સારું કે તેની મનમાની નથી ચાલવાની. જોકે ભારતે એટલાથી સંતુષ્ટ ન થવું જોઈએ કે અમેરિકાએ એ માન્યું કે તે પોતાની રક્ષા જરૂરિયાતો પર રશિયા પર નિર્ભર છે. તેણે એના માટે પ્રયાસ વેગવાન બનાવવા જોઈએ કે તે પોતાની રક્ષા જરૂરિયાતોને પૂરી કરવા મામલે આત્મનિર્ભર બને.*

# બ્રહ્મજ્ઞાન માટે ગુરૂકૃપા અને શિષ્યની વૈરાગ્ય ભાવના અનિવાર્ય છે

સત અને અસતને અલગ અલગ જાણીને અસતનો ત્યાગ કરવો એટલે કે સંસારથી વિમુખ થવું એ વેરાગ્ય છે.વૈરાગ્ય વગર ધ્યાનમાં એકાગ્રતા આવતી નથી ધ્યાન થતું નથી.સંસારનું સ્મરણ(આસક્તિ) એ જ દુઃખ છે સંસારનું વિસ્મરણ એ જ સુખ છે.જ્ઞાનમાર્ગમાં તીવ્ર વૈરાગ્ય જોઈએ.ભક્તિમાર્ગમાં વૈરાગ્ય ના હોય તો ચાલશે પણ સર્વ સાથે પ્રેમ કરવો પડશે.મનની શુદ્ધિ કરવા માટે કર્મની જરૂર છે એટલે કે મનને એકાગ્ર કરવા ‘ભક્તિ‘ (કર્મ)ની જરૂર છે અને સર્વમાં ઈશ્વરનો અનુભવ કરવા ‘જ્ઞાન‘ની જરૂર છે.જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય આ ત્રણે પરિપૂર્ણ થાય ત્યારે જીવ પરમાત્મા દર્શન કરી કૃતાર્થ થાય છે.જ્ઞાન અને ભક્તિને દઢ કરવા વૈરાગ્યની જરૂર છે.

આ મન ઘણું જ ચંચળ છે, તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે.વૈરાગ્યનો અર્થ છે સાંસારીક વિષયોના પ્રત્યે દોષદષ્ટિ અપનાવીને તેમના પ્રત્યે અનાસક્તિ અને ઉદાસીનતાનો ભાવ પેદા કરવો.અભ્યાસની સહાય માટે વૈરાગ્યની જરૂર છે કારણ કે સંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે.

બ્રહ્મજ્ઞાન વૈરાગ્ય વગર ટકતું નથી.બ્રહ્મજ્ઞાનની વાતો કરે પણ પદ-પ્રતિષ્ઠા-પૈસા સાથે પ્રેમ કરે તે ખરો જ્ઞાની નથી.ખરો જ્ઞાની એ જ છે કે જે ઈશ્વર સાથે જ પ્રેમ કરે છે.ઈશ્વર સિવાય સંસારના જડ પદાર્થોમાં પ્રેમ-સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકતો નથી.હું શરીર નથી, હું સર્વનો સાક્ષીરૂપ આનંદરૂપ ચેતન પરમાત્મા છું.આ બ્રહ્મજ્ઞાન પછી પણ ઈશ્વરમાં જ પ્રીતિ જરૂરી છે.

બ્રહ્મજ્ઞાનના માટે ગુરૂકૃપા અને શિષ્યની વૈરાગ્ય ભાવના બંન્ને અનિવાર્ય છે.જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઇ વસ્તુ હોય તો તે ફક્ત વૈરાગ્ય છે.જેના જીવનમાં વૈરાગ્ય આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઈચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઈચ્છતો નથી.જીવન વિકાસ સાધવાનો પ્રયત્ન કરનારે પોતાના કાર્યમાં એકાગ્ર રહેવું જોઈએ.આસન અને પ્રાણાયામ વડે પ્રાણને જીતીને અભ્યા?સ અને વૈરાગ્ય દ્વારા પોતાના મનને વશમાં કરી લેવું અને પછી પોતાના લક્ષ્ય સ્વ-સ્વરૂપમાં લગાવવું.જયારે પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઇ જાય છે તો ત્યાર પછી ધીરે ધીરે વાસનાઓની ધૂળ ધોવાઇ જાય છે.

અભ્યાસની સહાયતા માટે વૈરાગ્યની જરૂર પડે છે કારણ કે સંસારના ભોગોથી જેટલો રાગ હટશે તેટલું મન પરમાત્મામાં લાગશે.

વૈરાગ્ય લાવવાના કેટલાક ઉપાય છેઃસંસાર પ્રતિક્ષણ બદલાય છે અને પોતાનું સ્વરૂપ ક્યારેય અને કોઈપણ ક્ષણે બદલાતું નથી,આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી. આવો વિચાર કરવાથી સંસારથી વેરાગ્ય થાય છે.પોતાના કહેવાવાળા જેટલા કુટુંબીજનો અને સબંધીઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઈચ્છા રાખતા હોય છે તેથી આપણી શક્તિ સામર્થ્ય યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઈચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઇ લેવાની ઈચ્છાનો ત્યાગ કરવો.આમ કરવાથી સ્વાભાવિક જ વૈરાગ્ય આવી જાય છે.વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હ્રદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે.

શ્રીમદ ભગવદ્ ગીતામાં વર્ણવેલ અભ્યાસ એ ભક્તપરક છે અને વૈરાગ્ય જ્ઞાનપરક છે.મનને વિષયોમાંથી હટાવીને ઈશ્વરોન્મુખ બનાવવું ભક્તિથી જ સંભવ બને છે,તેના માટે ઈશ્વરની શરણાગતિ અપેક્ષિત છે.વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે.જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે.સંસાર અને તેના તમામ પદાર્થો અસત અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી.

જયારે મનમાં વૈરાગ્યરૂપી બળ,સુમતિરૂપી ક્ષુધા,નિત્ય દુર્બળતા પુરેપુરી ટળી જાય ત્યારે જાણવું કે મન રોગ મુક્ત થયું છે.ગુરૂ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.વૈરાગ્યથી મનુષ્યને આત્મતત્વની જીજ્ઞાસા થાય છે,જીજ્ઞાસાથી શાસ્ત્રોના અધ્યયનમાં મન લાગે છે.વૈરાગ્ય તેને જ કહેવો જોઈએ કે જેને સૌ સિધ્ધિઓને તથા ત્રણ ગુણોને તણખલાની જેમ ગણીને તેનો ત્યાગ કરી દીધો છે, આવો પુરૂષ જ પરમ વૈરાગ્યવાન સમજવો.મનને વિકારોમાંથી છોડાવવાની બે રીતો છેઃએક જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા તેનું શમન કરીને અને બીજી આપણે જેવા છીએ તેવા પોતે પોતાને પરમાત્માને સમર્પિત કરી દઈએ.પરમાત્મા સ્વંયમ આપણા દોષો દૂર કરી દેશે.આપણે તેના માટે ચિંતા કરવાની જરૂરત નથી.વૈરાગ્ય અનેક પ્રકારના છે.પહેલો વૈરાગ્યઃતન મન ધન વગેરેથી વૈરાગ્ય થાય છે.આનો સ્વરૂપથી ત્યાગ કરી દેવા છતાં પણ મનમાં તેનું મહત્વ બનેલું હોય તો વાસ્તવમાં આ વૈરાગ્ય નથી.અંતઃકરણમાં જડ પદાર્થોનું સહેજપણ મહત્વ અને આકર્ષણ ના રહે આ જ વૈરાગ્ય છે.

બીજો સ્મશાન વૈરાગ્ય..કોઇના મૃત્યુના સમયે માણસ તેને પહોચાડવા સ્મશાનમાં જાય છે ત્યારે તેને એમ લાગે છે કે મરનાર ગયો તેમ હું પણ એક દિવસ જવાનો છું.આ બધું ખોટું છે.આવી રીતે માણસને સ્મશાનમાં વૈરાગ્ય થાય છે પરંતુ સ્મશાનમાં હોય ત્યાં સુધી જ આ વૈરાગ્ય ટકે છે.સ્મશાન વૈરાગ્ય..નૈવેધ વૈરાગ્ય..પ્રસૃતા વૈરાગ્ય.. આ બધા કામ ચલાઉ વૈરાગ્ય છે પરંતુ જીવનમાં જ્ઞાનગર્ભ દ્રઢ વેરાગ્ય આવવો જોઈએ.જો શરીર સાથે સબંધ ચાલુ હોય તો સકળ સંસાર સાથે સબંધ ચાલુ રહે છે કેમ કે શરીર સંસારનું જ બીજ અથવા અંગ છે.શરીર સાથે તાદાત્મય ન રહેવું એને જ વૈરાગ્ય કહે છે.

જયારે મનુષ્યે પોતે એવો અનુભવ કરી લે છે કે હું શરીર નથી.. શરીર મારૂં નથી ત્યારે કામના મમતા અને તાદાત્મય ત્રણેય દૂર થાય છે.આ જ વાસ્તવિક વૈરાગ્ય છે.જેના અંતઃકરણમાં તમામ વાસનાઓનો નાશ થઇ જાય છે.સહુંનું કલ્યાણ થાવ, સહું સુખી થાવ, સૌ નિરોગી થાવ, ક્યારેય કોઇને સહેજ પણ દુઃખ ન થાવ..આ ભાવનું રહેવું તેને જ દ્રઢ વૈરાગ્ય લક્ષણ કહે છે.

સંસારરૂપી સાગરનો પાર પામવા તૈયાર થયેલા ઉપલક વૈરાગ્યવાળા મુમુક્ષુઓને આશારૂપી ઝૂડ વેગથી પાછો ફરી ગળું પકડીને વચ્ચે જ ડુબાડી દે છે.જેણે ઉત્તમ વૈરાગ્યરૂપી તલવારથી વિષયની ઈચ્છારૂપી ઝૂડને મારી નાખ્યો હોય તે જ માણસ નિર્વિઘ્ને સંસારસમુદ્રનો પાર પામે છે.કાચો વૈરાગ્ય હંમેશાં દગો દે છે.સાચો વૈરાગ્ય આવ્યા વિના ભગવાનની તરફ વધવું લગભગ અસંભવ છે.

ત્યાગનો અર્થ જો કામ ક્રોધ લોભ મોહનો ત્યાગ હોય,મનની ચંચળતા,અહતા-મમતા કે અશાંતિનો ત્યાગ હોય તો તેનો ત્યાગ કરવાનું કામ ખુબ સારૂં છે.

ત્યાગમાં સૌથી મોટી આવશ્યકતા છે વૈરાગ્ય. વૈરાગ્ય વિના ત્યાગ થઈ શકતો નથી અને થાય તો ટકતો નથી. વિવેક દ્વારા આપણે સમજી શકીએ છીએ કે મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય પ્રભુ પરમાત્માને જાણવા એ છે. પ્રભુને જાણ્યા બાદ જ સાચું સુખ-શાંતિ મળે છે અને પછી પ્રભુ ઉપર પ્રિતિ થાય છે અને ત્યારબાદ જ દુનિયાના પદાર્થો ઉપરથી આસક્તિ-મમતા દૂર થાય છે તેને વૈરાગ્ય કહે છે.

અંતકાળમાં વાત કફ અને પિત્તાથી ત્રિદોષ થાય છે.મૃત્યુની વેદના ભયંકર છે.જન્મ મરણના દુઃખનો વિચાર કરો તો પાપ નહિ થાય,તેથી મૃત્યુની બીક રાખો તેનું સ્મરણ રાખો.વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહિ.આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે આ એક જ ઉપાય છે.

વિનોદભાઇ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ડોલા ૬૫૦એ ડોકટરોને ડોલાવ્યા!!

‘ડોલા રે ડોલા રે મન મેરા ડોલાઆઆઆઆ’

એક હોટલમાંથી બેસૂરા અવાજે ગીત ગવાઇ રહ્યું હતું. એ હોટલ આપણા નિર્માણાધીન ન્યુ ઈન્ડિયાની નહી. સ્વિટઝરલેન્ડની આલીશાન હોટલના સ્યુટમાંથી ગીત ગુંદી રહ્યું હતું. તમને એમ થશે કે ગાંધીનગર બેઠા બેઠા મને કેમ ખબર પડી? ભાઇ મહાભારતકાળમાં સંજય દ્રષ્ટિ મેળવનાર એક લાભાર્થી સંજય હતો . પરંતુ, અપિતું આ સમયમાં તમામ લોકો પાસે સ્પાયદ્રષ્ટિ છે!!!

આલીશાન હોટલના સ્યુચમાં એક મધ્યમ વયસ્ક વ્યક્તિ એકટર રણબીરસિંહની જેમ લાલચટક શોર્ટ અને ચળકતું ગોલ્ડન ટીશર્ટ પહેરી મ્યુઝિકના તાલે જેઠાલાલ જેવું કઢંગું થિરકી રહ્યો હતો. લીલી કલરની વાઇન બોટલ માથા પર મુકી લથડિયા ખાતો હોય તેમ વાઇન ડાન્સ ( સાલસા ડાન્સ હોય તો વાઇન કે બટર મિલ્ક ડાન્સ કેમ ન હોય? આગામી સમયમાં ભાખરી ડાન્સ આવિર્ભાવ થનાર છે!) કરતો હતો. પ્લેટમાં મચીંગ તરીકે ડોલા-૬૫૦ની ટેબ્લેટ હતી!!

આવું તે મંચીંગ હોતું હશે? (લેખકડો પાગલ થયો છે? ભઇ પ્રશ્નાર્થ હટાવી દો જવાબ રેડી છે.) કોરોનાકાળમાં આવશ્યકતાનુસાર રે અનાવશ્યકતાનુસાર લોકોએ શિરામણ- ઓલ્યો બ્રેકફાસ્ટ, બપોરા-ઓલ્યો લંચ, રોંઢા-એનું કંઇ મળતું નથી , વાળું-ઓલ્યું ડિનરમાં દૂધ વગર કે દૂધ સાથે ડોલા- ૬૫૦નું પ્રાશન કર્યું છે. તો પછી બાઇટિંગમાં ડોલા-૬૫૦ કેમ ન હોઇ શકે??

એક જગ્યાએ. “જહાં ચાર યાર મિલ જાયે વહીં રાત હો ગુલઝાર. “ ગીતને એન્જોય કરવા મિત્રો રમી રમતા હતા. એક બોલ્યો ,’’ પાંચ હજાર ઉતર્યો’’

બીજો કહે,’’ સાત હજાર ઉતર્યો.’’

ત્રીજો કહે,’’ દસ હજાર ઉતર્યો.’’

ચોથો કહે,’’ પંદર હજાર “

ચારેય જણ બોલ્યા , પણ પટમાં રૂપિયા, પ્લાસ્ટિકના ટોકન નહીં પણ ડોલા-૬૫૦ની સ્ટ્રિપ ઉતર્યા!!

એક ઘરમાં એક વ્યકિત હાથમાં થાળી લઇ “ તમ ડોલે મન ડોલે રેપ’’ એ ગીતને આરતીની જેમ આરતી કરતા હતા. નિજમંદિરમાં દેવ કે દેવની મૂર્તિન હતી. મંદિરમાં ડોલા ૬૫૦ ની સ્ટ્રિપ મુકેલી હતી!!

નિર્મલ બાબાનો દરબાર. કોઇ ડોકટર આંખમાં આંસુ સાથે હિબકા ભરતા કહ્યું ,’’ બાબા મેરી પ્રેકટિસ ઠીકસે નહીં ચલતી !!’’

“ ડોલા ટેબ્લેટ દીખ રહી હૈ. તુને પ્રિસ્ક્રિપ્શનમે ડોલા કબ લીખી થી?’’નિર્મલબાબાએ પૂછયું.

“ બાબા , ડેઢ સાલસે નહીં લીખી.’’ ડોકટરે કહ્યું.

“ પ્રિસ્ક્રિપ્શનમેં ડોલા લિખના ઔર અમીરોકો ડોલા ખિલા દેના. કિરપા કાયમ રહેંગી!!’’ બાબાએ સ્પેશિયલ મુદ્રામાં આશીર્વાદ આપ્યા!!!

ડોલા ટેબ્લેટ નવાન્હ પારાયણનું આયોજન કરવાનો મકસદ છે આ દવા બનાવનારી કંપની એલેન્બિક, ડો. રેડી કે હિમાલયા ડ્રગ્ઝ- ફાર્માસ્યુટિકલ કંપની જેવી જાણીતી નથી!! બધી કંપનીઓ પોતાની દવા મેડીકલ પ્રેકટિશનરો દર્દીઓને જરૂર હોય કે ન હોય પણ પ્રિસ્કાઇબ કરે તે માટે ફ્રી સેમ્પલ, ક્લબની ફી મેમ્બરશીપ, ડ્રિંક એન્ડ ડાઇન પાર્ટી , રાજ્ય કે રાજ્ય બહાર તદન મફત પ્રવાસ કરાવે, રિસોર્ટમાં રાખે, નામી મોટી ગિફ્ટ આપે, મેડીકલ સ્ટોર તેમના લેટરપેડ પર ડોકટરો દવા લખી આપે, માસિક કે વાર્ષિક ધોરણે તગડું કમિશન આપે. કેટલીકવાર ડોકટરે મેડીકલ સ્ટોર અને ફાર્માસ્યુટિકલ કંપનીની માલિકી ધરાવતા હોય એટલે બે હાથમાં મોતીચૂરના લાડવા હોય!! ટુંકમાં પૂરેપૂરા બખ્ખા પછી શેના ડખ્ખા!!!

કોરોના સમયગાળા દરમિયાન ઘણી ફાર્માસ્યુટિકલ કંપનીઓ અમીર બની હતી. આમાંથી એક નામ માઈક્રો લેબ્સનું પણ છે. કદાચ તમે માઇક્રો લેબ્સનું નામ જાણતા નહી હોય અથવા એટલું જાણીતુ નામ નથી. પરંતુ આ કંપનીની દવાના નામનો ઉલ્લેખ થતાં જ બધું જ ધ્યાનમાં આવશે. જી હા, આ દવાનું નામ ડૉલો-૬૫૦ છે. આ એ જ દવા છે જે કોરોના સમયગાળા દરમિયાન ‘રામબાણ’ અને સારવારના સાધન તરીકે ઉભરી આવી હતી.

તમે જે ડૉક્ટરને જુઓ અથવા તમે જે દવાની દુકાન પર જાઓ, તેઓને તાવના લક્ષણો દેખાય કે તરત જ ડોલો-૬૫૦ ટેબ્લેટ લેતા હતા. હવે આ કંપની વિશે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. આવકવેરા વિભાગ દ્વારા એક ખુલાસો કરવામાં આવ્યો છે. વિભાગની તપાસમાં જાણવા મળ્યું છે કે માઈક્રો લેબ્સે તેમની કમાણી વધારવા માટે ડોક્ટરોને ગિફ્ટ આપવાની ખાસ ચલણ શરૂ કર્યું હતું.માઇક્રો લેબ્સે ડોકટરોને ૧,૦૦૦ કરોડ રૂપિયાની ફ્રીબીઝ વહેંચવામાં આવ્યા હતા. અહીં ફ્રીબીઝનો અર્થ ભેટ અથવા ગિફ્ટ તરીકે સમજી શકાય છે.


ડોલો બનાવતી કંપનીએ પોતાનો બિઝનેસ વધારવા માટે ‘અનૈતિક પ્રથા’ (અનૈતિક કૃત્ય અથવા વર્તન)નો માર્ગ અપનાવ્યો અને તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને હજાર કરોડની ભેટ વહેંચી. ડૉક્ટરોને આટલા રૂપિયાની ગિફ્ટ્સ, મોંઘી ગિફ્ટ્સ મળશે ત્યારે સ્વાભાવિક છે કે તેઓ ડોલો-૬૫૦ જ લખશે. પ્રાઇમ લેબ્સ સાથે પણ આવું જ થયું. ધ્યાનમાં રાખો કે ડોલો-૬૫૦ કોઈ મોંઘી દવા નથી, તે મોંઘી એન્ટિબાયોટિક પણ નથી પરંતુ તાવની સાદી દવા છે. પરંતુ તાવની દવાએ એવો કમાલ કર્યો કે તેની કમાણી કરોડોમાં થઇ!!!

ભરત વૈષ્ણવ



**સખી,એક એવી અગોચર જગ્યા મળે,**
**જ્યાં સંબંધોના નામે શૂન્ય જ મળે,**
**ના હોય કશાયની સાટાપાટી , અને**
**જે મળે તે મારું જ આગવું મળે,**
**સરવાળા-બાદબાકીના ના હોય ગણિત,**
**ગમેતેમ કરતાંય શેષ શૂન્ય જ મળે,**
**સંબંધ વિનાના સરનામા મળે,અને**
**વિસામા ગણતરીઓ વિનાના મળે,**
**ભમવું સુંગધના સરનામે જોને,અને**
**વન-ઉપવન વેલી લહેરાતાં મળે,**
**તરવું ઘૂઘવતા દરિયા માથે,અને**
**કાગળની હોડીને હલેસાં મોજાંના મળે,**
**ચઢવું પર્વત ઊંચા-ઊંચા સખી,અને**
**વાદળો મહીં વ્હાલથી ભીંજાવાનું મળે,**
**વિચરું બહાર કે ભીતર સખી,જોને**
**હરપળ સાથ તો ’’સાહિબ ’’નો જ મળે....**
**રેખા.સુથાર.**

## નક્કી કરનાર કોણ?



**રોજ આવું, ધીરે ધીરે ઉજાસ ફેલાવતો,**
**પણ હા, મારાં તેજ કેટલા? રેલાવવા તે**
**નક્કી કરનાર પરમ કિરતાર,**
**દીકરી લાડકડી સહુ, જીદ, વહાલે ઉછરતી,**
**મીંઢળ બંધાતા હસ્તે, કન્યા મટી વહુ થતી**
**કેવું જીવવું, નક્કી કરનાર ભરથાર,**
**ભારત મારો દેશ છે, એ બોલતાં શાળામાં જ,**
**લોકોની,લોકો માટેની ભાવના જ બદલાય રહી,**
**સ્વહિતને નક્કી કરી અમલ કરે સરકાર,**
**સીધી, સરળ વાત સમજવી જરુરી સહુએ,**
**ખુલ્લી આંખે, સ્વયં જાગી જવું હવે સહુએ,**
**મનમાની નહિ ચાલે, આપી દેવો અણસાર,**
**યુવાધન, યાદ કરો, યા હોમ કરીને મેળવો ફતેહ,**
**ઝંખના એ જ,વાતોનાં વડા નહિં, કરો કર્મ કુનેહે.**
**ઝંખના અખિલેષ વછરાજાની (વડોદરા )**

## ફેંક્યો

**સૂરજે કાળઝાળ ગરમી વરસાવી પાસો ફેંક્યો ,**
**વાદળીએ વીજ કડાકાભડાકા કરી જાસો ફેંક્યો**
**બફારા,ઘામ,પરસેવાથી અકળાઈ ગઇ અવનિ,**
**વાદળોને પૂછ્યું શું સૂરજને તારો માસો ગણ્યો?**
**પરિણય ચોઘડિયું ,પ્રસન્નતા નક્ષત્ર ગણી લઈ,**
**વાદળોએ સૂરજને સંતાડવા કેવો કારસો ફેંક્યો.**
**વાદળોના લાવલશ્કરે ધરતી પર જળચડાઇ કરી,**
**નવોઢા દુલ્હનની જેમ શરમાઈ ધરતીએ વાંસો ધર્યો.**
**રીમઝીમથી આરંભાયેલ જળાક્રમણ મુશળધાર થયું,**
**માનો કે આંખોમાં,સહસ્ત્ર કરચોની ફાંસો ફેંક્યો!**
**લો ધરતી પર મોંઘામૂલું કાચું સોનું વરસતું રહ્યું ,**
**ખાબોચિયા,નદી, નાળા, સરોવર કે કાંસો ભર્યા.**
**ભરત વૈષ્ણવ**
**૧૬.૭.૨૦૨૧.**

## નક્કી કરનાર કોણ?



**નક્કર હકિકત નકારીને બેઠા છે,**
**ધરોહર બધી ય ખોઈને બેઠા છે.**
**છે નોખા પડીકા આસ્થાના ઘણાં**
**હર પાટલે લો ગોર નોખા બેઠા છે.**
**ગજા બારનું છે સમજણથી બધું,**
**છતાં ય કાન માંડી ઘણાં બેઠા છે.**
**ઊગતાને આથમતા લગી છે નવરા,**
**એવાં ય લ્યો ઓટલે આવી બેઠા છે.**
**નથી મણાં માખ ઊડાવાની જેમને,**
**ખોખારો ખાઈને એવા ય બેઠા છે.**
**(છઙજરે) અમરીશ શુક્લ (રાજકોટ)**

## ખફીક છંદ



**ગાલગા ગાલગાલ ગાગાગા**
**માની લો સત્ય પોતે બોલે છે,**
**ભેદ સઘળાય ખૂદ તોડે છે.**
**લાખ છુપાવે કોઈ પણ છેવટ,**
**ન્યાયની તુલા સાચું તોલે છે.**
**સત્યનો રાહ પકડી ચાલો જો,**
**બેફિકર થઈ જીવન તો દોડે છે.**
**ના સરળ છે શૂરાનો આ મારગ,**
**હોય કાયર જે એને છોડે છે.**
**હા બને બચશો તો સજાથી પણ,**
**મોત સામે ચડેલે ઘોડે છે.**
**રશ્મિ જાગીરદાર (કેલિફોર્નિયા અમેરિકા)**

## કવિતા



**તું - હું**
**તું પ્રેમ થઈ મારા આત્મા પર છવાઈ જા**
**હું પ્રીત થઈ તારા પ્રાણમાં સિવાઈ જાઉં**
**તું ગીત થઈ મારા સ્વરમાં સમાઈ જા**
**હું સંગીત થઈ તારા સૂરમાં રેલાઈ જાઉં**

**તું પવન થઈ મારી ઉડાન પર છવાઈ જા**
**હું ખુશ્બુ થઈ તારા શ્વાસમાં સમાઈ જાઉં**
**તું શ્વાસ બની જીવતરમાં ફેલાઈ જા**
**હું વિશ્વાસ બની તારી હસ્તીમાં જીવાઈ જાઉં**
**તું કાજળ બની મારી આંખમાં અંજાઈ જા**
**હું સપનું બની તારી પળોમાં પરોવાઈ જાઉં!**
**પ્રીતિ જાગીરદાર ( કેનેડા )**

## નાવ



**ભક્તિ- કિર્તનમાં હશે અનુરાગ, ઈશ્વર ભાવ મળશે!**
**જિંદગીના સાગરે શ્રદ્ધા ભરી બસ નાવ મળશે!**
**નાવ લંગારી કિનારે, માંડ જ્યાં સાગર તર્યો છે!**
**એ કિનારે પણ હજી, જીવન પ્રલયની રાવ મળશે!**
**તેજ તોફાનો, કદી ધારા વહી અવળા પ્રવાહે,**
**પારખ્યો’તો જે પવન, સઢને હવાનાં ઘાવ મળશે!**
**સાવ સુક્કા ને વિરાના પથ, તરસ તડપાવતી જ્યાં,**
**ભાગ્યનાં આ ખેલ, મૃગજળ સમ અવાવર વાવ મળશે!**
**જળ તરંગો નાવ ડગમગ જો કરી જાશે સમયની,**
**સાચવી હંકારજે, ચૂક્યા પછી ના દાવ મળશે!**
**ગીતા પંડ્યા (મુંબઈ )**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## NOG SS/0044

વિષયઃ-દ્રષ્ટિ, દ્રષ્ટિ તેવી સૃષ્ટિ,
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- નજર
શબ્દોઃ-. ૫૫
નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

હે ભોળાનાથ
કરજો કૃપા દ્રષ્ટિ
વિનવે ભક્તો.
જોઈએ છે શું!
અમી નજર પડે
શ્રી કૃષ્ણ કેરી!
નજર સામે
કંચન સમ કાયા
કરે ઘાયલ!
થયો ઘાયલ
દ્રષ્ટિ કેરી કળાએ
તફડી રહ્યો!
સુંદર મુખ
દ્રષ્ટિ બની બાવરી!
જોવા તલસે.
બગડે દ્રષ્ટિ
નેટ વાપરવાથી
આવે અંદાજ?

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS 0092

પ્રકારઃ- પદ્ય
શિર્ષકઃ- જીવનચક્રમાં દ્રષ્ટિ

આમ તો જન્મતાની સાથે,
દૃષ્ટિનું વરદાન મળે છે.
દુનિયાને જોવાની નજરનું
પ્રભુ પાસેથી સન્માન મળે છે.
બાલ્યાવસ્થામાં દ્રષ્ટિ,
અહેસાસ કરાવે છે સહુના સામીપ્યનો.
નવી દુનિયા, નવા રંગો,
પ્રકૃતિના સાંનિધ્યનો.
દ્રષ્ટિવાન પામે છે,
વિદ્યા, કળા ને આવાગમનની સરળતા.
અનુભવોનું ભાથું બાંધીને,
વિકાસના અવસરોની સહજતા.
યુવાવસ્થામાં દ્રષ્ટિમાં,
જીવનને જોવાનો
નૂતન અભિગમ ભળે છે.
આકાંક્ષાઓ ને મહેચ્છાઓ પર સવાર મનમાં,
સપનાં અને ધ્યેય પણ ફૂલે- ફળે છે.
પ્રૌઢાવસ્થામાં દ્રષ્ટિમાં અનુભવો ભળે છે,
કિતાબી વાતોને બદલે ધરાતલ પર પગ ઠરે છે.
જ્ઞાન, અનુભવ અને કલાનો ત્રિવેણી સંગમ મળે છે,
સાંનિધ્યમાં આવનારનેય એ શીતળ કરે છે.
વૃદ્ધાવસ્થામાં દ્રષ્ટિ પાકટ બને છે,
અનુભવોનું ભાથું કોઈને આપવા ચાહે છે.
ક્યાંક સમદ્રષ્ટિ, ક્યાંક વિશાળ દ્રષ્ટિ ને
ક્યાંક સંકુચિત દ્રષ્ટિ જોવા મળે છે,
સંચિત સંસ્કારો અહીં દ્રષ્ટિરૂપે આવીને ફળે છે.
દ્રષ્ટિ હોય છે સહું સજીવ પ્રાણી પાસે,
પણ 'દૃષ્ટિવાન' અહીં જૂજ જોવા મળે છે.
દ્રષ્ટિ, હાલ અને સામે દેખાતી વસ્તુ જુએ છે,
દૃષ્ટિવાન, અદ્રશ્ય ને ભવિષ્યની ઘટનાઓનોય ક્યાસ આજે કાઢી જુએ છે.
'દ્રષ્ટિ તેવી સૃષ્ટિ' એ પણ અહીં સત્ય છે,
માનવ મહેરામણમાં સહુનું 'પોતાનું તથ્ય' છે.
ચારે તરફ કેટલાંક અંધકાર જુવે છે,
તો કેટલાંક બંધબારણાની તિરાડમાંથી
ડોકાતું સોનેરી કિરણ જુવે છે.
દ્રષ્ટિને માપવાનાય અહીં,
સહુના પોતાના માનઅંકો છે.
કોઈને માટે છે એ માત્ર જોવાની શક્તિ,
તો કોઈ માટે એ વ્યક્તિત્વના વિશેષઅંકો છે.
કવિ માટે 'હૃદય વેધક દ્રષ્ટિ', ' તીક્ષ્ણ દ્રષ્ટિ',
ડોકટર માટે 'નબળી દ્રષ્ટિ', ' ટૂંકી દ્રષ્ટિ', લાંબી દ્રષ્ટિ.
પરામર્શક માટે 'આજમાં રાચતી દ્રષ્ટિ', 'દીવા સ્વપ્નો જોતી દ્રષ્ટિ' ,
ને તત્વચિંતકો માટે જીવનને જોવાની દ્રષ્ટિ.

- અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

---

## N.O.G. S. S.. No. 0102.

નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-દ્રષ્ટિ.
પ્રકાર. :- ગદ્ય .લેખ.
શીર્ષકઃ-જુદી જુદી દ્રષ્ટિ.
તારીખઃ- ૧૭/૭/૨૦૨૨. રવિવાર.
રચનાઃ-

માનવીની દ્રષ્ટિમાં એક ચોક્કસ પ્રકારનો જાદુ હોય છે. દ્રષ્ટિના અનેક પ્રકારો આવતા હોય છે.તેમાં મુખ્યત્વે સારી દ્રષ્ટિ અને ખરાબ દ્રષ્ટિ એમ બે પ્રકાર પાડી શકાય.

સારી દૃષ્ટિ માણસના જીવનને ઉન્નત કરે છે. પ્રથમ દ્રષ્ટિએ માણસને પ્રેમ થઈ જાય છે અને જે જિંદગીભર નિભે છે. માની મીઠી નજર પણ પોતાના બાળકોને લાગે છે. વડીલોની અને ગુરુજનોની મીઠી દ્રષ્ટિ એ માણસના જીવનમાં ઉત્કર્ષનું કામ કરે છે અને તેના વિકાસને ચારે તરફથી સમૃદ્ધ બનાવે છે.

માનવજીવનની પ્રગતિમાં આ સારી દ્રષ્ટિ જ ઘણી મહત્વની હોતી હોય છે અને તેને કારણે દુનિયાનો વિકાસ થઈ શક્યો છે અને માણસનું જીવન સમૃદ્ધ બની શક્યું છે.

ઘણા લોકોની બુરી દ્રષ્ટિ હોતી હોય છે .તેઓ બુરી દ્રષ્ટિએ બીજાને જોતા હોય છે. ઈર્ષા અદેખાઈ હૃદયની આગ આ બધી બાબતો તેની દ્રષ્ટિમાં આવતી હોય છે ,અને તેની દૃષ્ટિ જો પડે તો માણસનું જીવનમા ઘણીવાર તો નુકસાન પણ થઈ જતું હતું હોય છે.

ઘણા લોકો પોતાની બુરી દૃષ્ટિથી બીજાને બધું જોતા હોય છે. તેને કારણે માણસના જીવન ઉપર પણ ખરાબ અસર થતી હોતી હોય છે .ઘણા દાખલા એવા જોવા મળે છે કે એક માણસ જમતો હોય સામે માણસ ભૂખો હોય અને તેની દ્રષ્ટિ જો તેને લાગી જાય તો ભૂખો માણસ સામે માણસને હેરાન પરેશાન કરી નાખે છે અને તેના જીવનમાં બીમારી વિગેરે પણ આવી જતું હોય છે. માટે જ એમ કહેવામાં આવે છે કે તમે જ્યારે ખાતાઓ ત્યારે આસપાસમાં લોકોને થોડી થોડું થોડું આપો અથવા તેના તરફ સારી દ્રષ્ટિ રાખો.

ઘણીવાર નાના બાળકો તરફ પણ ઘણા લોકો કુદ્રષ્ટિકરે છે, અને આમ કરવાથી બાળકમાં બીમારી આવી જતી હોય છે. ઘણીવાર ડોક્ટર તેનો કોઈ ઈલાજ કરી શકતું નથી, પરંતુ જ્યારે દ્રષ્ટિ ઉતારવામાં આવ્યા અથવા નજર ઉતારવામાં આવે ત્યાર પછી જે તે બાળક સ્વસ્થ બની શકતું હોય છે. બુરી દૃષ્ટિ મોટા માણસોને પણ લાગે છે .તમે ઘણીવાર સારા કપડાં પહેરેલા હોય .તમારા પાસે સાધન સંપત્તિ, સમૃદ્ધિ હોય અને તેના તરફ જો કોઈની કુદ્રષ્ટિ લાગી જાય તો આ સંપત્તિમાં ઝાંખપ આવતી હોય છે ,અને તે લોકોને પણ ઘણીવાર ખૂબ સહન કરવું પડતું હોય છે. એટલું જ નહીં પણ તમે સારા કપડાં પહેરેલા હોય અને કોઈને કુ દ્રષ્ટિ જો લાગી જાય તો એ વ્યક્તિ બીમાર પડી જાય છે. તેના પણ ઘણા બધા દાખલાઓ જોવા મળે છે. જ્યારે દૃષ્ટિ અથવા નજર ઉતારીએ ત્યાર પછીથી જ તેનું નિવારણ થતું હોતું હોય છે.

દ્રષ્ટિ સારી રાખો. બીજા તરફ હંમેશાં ભલાઈની ભાવનાથી જુઓ તે જ વધારે અગત્યનું છે.

લેખકઃ-
રતીલાલ વાયડા. નવી મુંબઈ

---

## NOG SS -™tfh 0042

વિષય - દ્રષ્ટિ
પ્રકાર - ગદ્ય(વાર્તા)
શીર્ષક - જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ
શબ્દ - ૨૮૦

શેરીની બહાર નીકળતી જયાને જોઈ એટલે ઓટલા પરિષદની મહિલાઓમાં તરત અંદરો અંદર વાતો થવાં લાગી." આ, જયા રોજ અત્યારે લટક મટક કરતી ક્યાં જતી હશે? ત્યાં રમા બોલી," રામ, જાણે!આપણી સાથે ક્યાં બોલે છે!તો આપણે ખબર પડે."

પોતાનો દરવાજો બંધ કરતા વિમળાબેનના કાને આ શબ્દો પડ્યા એટલે તરત બહાર આવ્યા અને કહેવા લાગ્યા," તમારે પંચાત ભારે હો... કોણ શું કરે?ક્યાં જાય? વગર વાંકે બીજાની શંકા કરવાની? લ્યો સાચું સાંભળવું છે ને? હું કહું? થોડા દિવસ પહેલા એ મારા ઘરે આવી હતી અને મને કહ્યું હતું 'બા, હું થોડું ઘણું ભણેલી છું મને કશું કામ અપાવો. ઓટલા પર બેસી પંચાત કરવી એ મને ના ગમે. અત્યારે છોકરા-છૈયા નથી તો કંઈક કામ કરી શકાય. આ મોંઘવારીનો અજગર તો મોં ફાડીને ઉભો છે. બે જણ મળીને કમાઈએ તો બે પૈસા ભેગા થાય અને ભવિષ્યમાં કામ લાગે.' એટલે મેં મારી વહુ ને કહ્યું અને તેણે મારી પૌત્રીને કહ્યું. મારી પૌત્રી અને જમાઈ ડોક્ટર છે ને? એટલે તેમણે જયાને કોમ્પ્યુટર શીખવાનું કહ્યું છે. એટલે જયા અત્યારે કોમ્પ્યુટર ક્લાસ જાય છે. કોમ્પુટરમાં દવાખાનાને લગતું કામ શીખી જશે પછી તેને દવાખાનામાં જ રિસેપ્ટનિસ્ટ બનાવી કામ પર રાખી લેશે અને સારો પગાર પણ આપશે. ઓટલે બેસીને પંચાત ફૂટવી એના કરતાં બે પૈસાની આવક ઊભી કરવી એ શું ખોટું! બોલો હવે કાંઈ વધારે માહિતી જોઈએ છીએ? આતો કમળો હોય એને પીળું દેખાય." આટલું સાંભળતા ઓટલે બેઠેલી બધી મહિલાઓના મોં જોવા જેવા થઈ ગયા.

જયા પોતાના ભૂલાઈ ગયેલા ચશ્મા લેવા પાછી ફરી ત્યારે આ બધી વાતો તેના કાને પડી પણ વિમળાબેનનો જવાબ સાંભળી મનોમન ખુશ થઈ ગઈ 'વાહ બા, શું જડબાતોડ જવાબ આપ્યો છે! ખરેખર 'જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ.'

પૂજા(અલકા)કાનાણી

---

## NOG SS NO. 0097

વિષયઃ દ્રષ્ટી
પ્રકાર : ગદ્ય
શીર્ષક : વૈવિધ્ય

સમગ્ર સૃષટિ ના રચયિતા બ્રહ્માજીએ એમની અસંખ્ય અને અકલ્પ્ય રચનાઓમાં ખુબ વૈવિધ્ય ભર્યુ છે. ઝાડ,પાન,પશુ,પ્રાણી મનુષ્યો વગેરે વગેરે. છતાં બધી જ કૃતિઓ ભિન્ન. આપણે નસીબદાર છીએ કે પ્રભુએ આપણને આ સૃષટિના સૌંદર્યનું રસપાન કરવા દ્રષ્ટી પણ આપી છે.આ થઈ બાહ્ય દ્રષ્ટી.

બીજી છે આંતર દ્રષ્ટી. એ દરેક મનુષ્યે પોતે પોતાની સુઝ,બુઝ અને આવડતથી મેળવવી પડે છે.

આંતર દ્રષ્ટીથી તમે તમારું મૂલયાંકન પણ કરી શકો છો અને સામાનું મન પણ જાણી શકો છો.

ત્રીજી દ્રષ્ટી, એ છે દીર્ઘ દ્રષ્ટી. એ થકી તમે તમારાં ભવિષ્યનું આયોજન કરી શકો છો. દરેક વ્યક્તિ દીર્ઘ દ્રષ્ટા નથી હોતા. ભવિષ્યમાં આવનાર મુસીબતનો અથવા પરિણામનો ક્યાસ કાઢીને આયોજન કરી શકે. અને એ મુજબ પોતાનું કે અન્યનું ભવિષય ઘડી શકે.

આ રીતે બહમાજીએ સૃષટિ નું સર્જન કર્યુ અને માનવ પોતાની સુઝ,બુઝથી આંતર દ્રષ્ટી અને દીર્ઘ દ્રષ્ટી કેળવી પોતાનિંજીવન કંડારી શકે.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ,વડોદરા- સિડની

---

## NOG SS No.109

શિર્ષક :-જેવી દ્રષ્ટિ એવી સુષ્ટિ
પ્રકાર :-ગધ
બાબુ સંગાડા"મહેક"

સંસારમાં તમને અનેક પ્રકારના માણસો જોવા મળશે,વૈચારિક મતભેદ,વિવિધ દ્રષ્ટિકોણથી ભર્યા,

આ બધું સંસારે જેટલું નકામું છે એટલું જ કામનું છે,

વૈચારિક મતભેદો ,પ્રગતિ તરફ વધવા પ્રોત્સાહિત કરે,

કાતો ત્યાંથી માણસને રોકવા પ્રયત્ન કરે,સંસારના કિનારે બે વિચારધારા વહે છે જે માણસને જીવવા પ્રેરે છે,એક જ અનુભવમાં માણસ બે રીતે શીખે છે,તેમા બન્નેની જોવાની દ્રષ્ટિ અલગ અલગ હોય છે,એક વ્યક્તિ તેમાથી જે સમજે કે શીખે છે તેજ અનુભવમાંથી બીજો વ્યક્તિ કઈ બીજું સમજે ને શીખે છે.મતલબ એ થયો કે બન્નેની જાવાની દ્રષ્ટિ અલગ હોય છે,

દા.ત..પેલો માણસ આવે છે..એક વ્યક્તિ આવતા માણસને જોઈને સમજે છે,બીજો વ્યક્તિ જોઈને બોલે"પેલો માણસ કયાંક જાય છે.એકને એવું લાગેકે એ માણસ આપણને જોઈને આપણી પાસે આવે છે,આપણી ભાવના એને અહી સુધી ખેચી લાવે છે,જયારે બીજો માણસ ભાવનાનું ખંડન કરે છે,કોઈ કામર્થે નીકળ્યો હશે..એવું જુવે છે.આ બન્ને દ્રષ્ટિકોણ સંસારમાં એકધારા વહેતા રહેવાના કારણે સુષ્ટિનું સંતોલન જાળવી શકાય છે.એક પાડે ને બીજો ઉઠાડે..આ સંસારનું સત્ય છે.

માણસની જોવાની દ્રષ્ટકોણથી જીવનની શરૂઆત છે,તમે તમારા જીવનમાં બની ગયેલ ઘટના,પ્રસંગોને તમે કેવી રીતે જુવો તેના પર આધાર તમારા જીવનનો હોય છે,તમે પોઝિટીવ લો છો કે નેગેટીવ તમારે ખૂદ નક્કી કરવાનું હોય છે,એજ વિચારો તમારા ખૂદના જીવન પર એટલા જ અસર કરે છે.

એટલે બને ત્યાં સુધી માણસે તેમાથી જીવનને ઉપયોગી શબ્દો સ્વીકારી જીવન સુગંધીત બનાવવું જોઈએ.તમે ખૂદ તમારા જીવનને રખેદખે કરી નાખશો...તમને ખબર તો છેજ કે જેવી દ્રષ્ટિ એવી માણસની સુષ્ટિ હોય છે.

બાબુ સંગાડા"મહેક

---

## NOGSS NO- 0088

વિષય- દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
પ્રકાર- ગદ્ય
શીર્ષક- ગુરુદ્રષ્ટિ એજ દૂરંદેશી
નામ- ડૉ. મનીષા વ્યાસ

ગુરુ ગોવિંદ દોનું ખડે કિસ કો લાગુ પાય.. બલિહારી ગુરુ આપ કી.. ગોવિંદ દિયો બતાય..

આ દોહો પરાપૂર્વથી ગુરુપૂર્ણિમાએ ગવાતો આવ્યો છે. શાસ્ત્ર પ્રમાણે "ગુરુ" એટલે "ગુ" એટલે અંધકાર અને "રુ" એટલે તેનો નિરોધક પ્રકાશ. આ બંને અક્ષર મળીને "ગુરુ"નો અર્થ- 'શિષ્યને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં દોરી જનાર માર્ગદર્શક કે ભોમિયો'.

ગુરુકૃપા એટલે એક ચોક્કસ દૂરંદેશિતા સાથે જીવન જીવવા માટેની ગુરુની પથદર્શક વિશેષ કૃપા. દૂરંદેશી એટલે "વિઝન", "દૂર સુધી જોવાની શક્તિ"

ઘણી નાનીમોટી સંસ્થાઓ, નિગમો, સરકારી આયામો, યુનિવર્સિટીઓ વગેરેને પોતાના ધ્યેય અને તે ધ્યેયપૂર્તી માટેનાં વાક્ય હોય છે.. કેટલાંક ધ્યેયવાક્યો જેવાંકે..

જીવનવીમાનું *યોગક્ષેમ વહામ્યહમ.*
સુપ્રીમ કોર્ટનું *યતો ધર્મ તતો જય.*
કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ *યતો ધર્મ તતો જય.*

આપણા પ્રાચીન કાળથી અનેક પ્રખ્યાત ગુરુશિષ્યની જોડીઓ થઈ ગઈ..જેમાં

શ્રીરામ- વશિષ્ઠ, શ્રીકૃષ્ણ- સાંદિપની, ચંદ્રગુપ્ત-ચાણક્ય, શિવાજી-સમર્થ રામદાસ, સ્વામી વિવેકાનંદ- રામકૃષ્ણ પરમહંસ, મીરાબાઈ- રૈદાસ.. આવી અનન્ય ગુરુશિષ્યની જોડીઓમાં ગુરુ દ્રોણાચાર્ય અને એકલવ્યનું નામ ભલા કેવી રીતે ભુલાય?

એકલવ્યની ગુરુભક્તિની વાર્તામાં ગુરુ દ્રોણાચાર્ય પાસે વનવાસી એકલવ્ય બાણવિદ્યા શીખવા જાય છે. ગુરુએ ના પાડતાં.. તે જંગલમાં ગુરુ દ્રોણની મૂર્તિ બનાવી તેમની સન્મુખ બાણવિદ્યા શીખ્યો અને એકવાર જંગલમાંથી પસાર થતાં ગુરુદ્રોણ તેની બાણવિદ્યાથી પ્રભાવિત થઈ.. તેની પાસેથી ગુરુદક્ષિણામાં તેનો જમણા હાથનો અંગૂઠો માગે છે અને પોતાના ગુરુની આજ્ઞા માથે ચડાવી એકલવ્ય વિના સંકોચ અંગૂઠો ચરણે ધરે છે.

આ વાર્તા સાંભળ્યા પછી હંમેશાં થતું શું આટલા મહાન ગુરુ માત્ર પોતાનો શિષ્ય અર્જુન જ મહાન બાણાવરી બની રહે તેવી મહત્વકાંક્ષાએ આવી ગુરુદક્ષિણા માંગી શકે ખરા?

અનેકો સાથેની ચર્ચા પછી તાત્પર્ય આવ્યું "ના" આમાં પણ ગુરુની દૂરંદેશીતા હતી. કૌરવોની વર્તનછાપ અને પાંડવોના સ્વભાવ પરથી ગુરુ સમજી ગયા હશે કે લાંબા ગાળે પાંડવોને પોતાના હક કૌરવો પાસેથી સ્વબળે અને પ્રયત્નપૂર્વક મેળવવા પડશે. ત્યારે યુદ્ધ સંભવિત હોઈ શકે અને યુદ્ધ સમયે અર્જુનને દિવ્ય અસ્ત્રો-શસ્ત્રોની જરૂરિયાત પડશે.

તે સમયના નિયમો પ્રમાણે દિવ્યાસ્ત્રો તેને જ મળે જે પ્રખર બાણાવરી હોય. ત્યારે જો અર્જુનને આ દિવ્યાસ્ત્રો ના મળ્યા હોત તો? ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રના ધર્મયુદ્ધનું પરિણામ શું હોત?

ગુરુદ્રોણે પોતાની ઉપર શિષ્યદ્રોહનો આરોપ લઈને પણ દૂરંદેશીતાને પ્રાધાન્ય આપી સમગ્ર સંસારનું કલ્યાણ ઈચ્છયું.

બસ આવી જ દ્રોણદ્રષ્ટિ ને ગુરુદ્રષ્ટિ યુક્ત દૂરંદેશીતા દરેક ગુરુઓમાં કેળવાય તેવી અભ્યર્થના...

ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

---

## NOG SS NO.0081

વિષય : દૃષ્ટિ એવી સૃષ્ટિ
પ્રકાર : પદ્ય
શીર્ષકઃ જોવી સૃષ્ટિને સાચુકલી!

મન માનવનું શોધે ત્રુટિ નિરંતર, જાણે સ્વયંને નિરપરાધ,
દૃષ્ટિ એની શોધે ભૂલો અવરની ,પોતે જાણે હોય સર્વજ્ઞ.
એ તોફાનીએ જોયું એક યુગલ,નર નારી કરતાં એકબીજાંને વહાલ,
એને થયું લાવ આજ પૂછું , એમનાં આ 'જાહેર' પ્યારનો રાઝ.
નિકટ જઈ એણે જોયું,દેશનો સૈનિક પગે પાટા સહ નારી સંગે,
નર ચાહે નીરખવા મા ને, વહાલ? માવડીનું ગુંજે ભરવા.
મા ની આંખો અનરાધાર વરસે, સ્પર્શે તનયને રોમે રોમે,
ધડકે દિલ એનું,જંગે જઈ શું તનય સાંગોપાંગ આવશે ?
મા -બેટાનાં આ અનુપમ પ્રેમે , દીધાં ચક્ષુ તોફાનીનાં ખોલી,
"ધિક્કાર મારી દૃષ્ટિ,જે જુએ જ ખોડ,નવ સોચે અનુપમ".
પુસ્તકને ના મૂલવવું મુખપૃષ્ઠથી, નવ કોઈ પ્રેમની કરવી અધમ કલ્પના,
ટેરવે જ્યાં જગ મુઠ્ઠીમાં સમાયું, માનવ મને સૃષ્ટિને જોવી સાચુકલી.

#©? માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

## NOG SS No : 001

પ્રકાર : ગદ્ય
શિર્ષક : દૃષ્ટિ

કહેવત છે કે જેની જેવી દ્રષ્ટિ તેવી તેની સૃષ્ટિ. જેની આંખમાં પીળીયો થયો હોય તેને બધું પીળું જ દેખાય. આમ દૃષ્ટિ ની સીધી અસર ભાવ સાથે જોવા મળે અને અનુભવવા પણ મળે છે..દૃષ્ટિ ની આગળ ગુરુ કૃપા દૃષ્ટિ ઉમેરવામાં આવે તો ગુરુ ભાવ ની અનુભૂતિ થાય...પ્રિયેદષ્ટી ની અનુભૂતિ કરવા જઈએ તો બસ પ્રેમ ની અનુભૂતિ થાય. આમ જીવન સફર દરમિયાન જ્યા જ્યા નજર ફરે....તેવી તેવી સૃષ્ટિ ની અનુભૂતિ માણી શકાય..મંદિર માં ઈશ્વર સામે ઊભા હોય ત્યાર ની દ્રષ્ટિ થી માત્ર ધાર્મિક સૃષ્ટિ નજરે પડે છે જ્યારે બાગ બગીચા ર્ોં દરિયા કિનારે જઈએ અને કે સહેલાણી ઉપર દૃષ્ટિ પડે તો તે સૃષ્ટિ નો ભાવ અલગ હોય છે.પણ સાથે સાથે એ પણ અપવાદ રૂપે વિચારવું રહ્યું કે જે લોકો પ્રજ્ઞા ચક્ષુ હોય છે કે જેમની દૃષ્ટિ છીનવાઈ ગઈ છે તે લોકો ની સૃષ્ટિ અને જીવન સફર ની પણ જ્યારે અનુભૂતિ કરિયે ત્યારે ખ્યાલ આવે કે દૃષ્ટિ વિનાનુ જીવન પણ કેવું હોય છે કે જે સ્પંદનો,અવાજ અને વાતાવરણ ની અસરો ઉપર નીરભિત છે..... દૃષ્ટિ તેવી સૃષ્ટિ ....

સંચાલક : પ્રદીપ રાવલ

# રાષ્ટ્રપતિ પદ માટે એન.ડી.એ.ના ઉમેદવાર દ્રોપદી મુર્મુ ગુજરાતના વિધાયકો નું સમર્થન મેળવવા ગુજરાતમાં

ગાંધીનગર,

દ્રોપદી મુર્મુ માત્ર આદિવાસી સમુદાય જ નહીં તમામ ભારતીયોના આદર્શ-નારીશક્તિનું આગવું પ્રતીક

રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે દ્રોપદી મુર્મુની પસંદગી થતા દેશના વંચિત વર્ગો, અનુસૂચિત જનજાતિઓ સહિત કરોડો નાગરિકોની આશા-અકાંક્ષાઓ પૂરી થવા જઈ રહી છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકતાંત્રિક મૂલ્યોની આગવી પરંપરા ઉભી કરી

રાષ્ટ્રપતિ પદ માટે એન.ડી.એ.ના ઉમેદવાર દ્રોપદી મુર્મુ ગુજરાતના વિધાયકો, સાંસદોનું સમર્થન માંગવા ગાંધીનગર આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ, નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ તેમજ રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો સાથે આ

સંદર્ભમાં તેમણે બેઠક યોજી હતી.

દ્રૌપદી મુર્મુએ દેશની આઝાદીના મૂળિયા સિંચનારા રાષ્ટ્રપિતા ગાંધીજી તથા દેશની એકતા અખંડિતતાના શિલ્પી લોહપુરૂષ સરદાર સાહેબ સહિત સ્વાતંત્ર સંગ્રામમાં યોગદાન આપનારા ગુર્જર ધરાના સપુતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દ્રોપદી મુર્મુને ગુજરાતના સૌ ભાજપા વિધાયકોનું સમર્થન અવશ્ય મળશે જ તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો

દ્રોપદી મુર્મુજીને ગુજરાતની ગાંધીજી, સરદાર સાહેબ, નરેન્દ્ર મોદી જેવા વિરલ વ્યક્તિત્વની ભૂમિ પર આવકાર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મુ માત્ર આદિવાસી સમુદાય જ નહીં તમામ ભારતીયોના આદર્શ છે. સામાન્ય શિક્ષકથી ધારાસભ્ય, મંત્રી અને રાજ્યપાલ સુધીની સફળ સેવાયાત્રા કરનારા દ્રોપદી મુર્મુ નારીશક્તિનું આગવું પ્રતીક છે. બહોળો અનુભવ, ઊંડી વહીવટી સમજ અને અત્યંત કરુણાભાવી વ્યક્તિત્વ ધરાવતા દ્રૌપદી મુર્મુજીના રૂપમાં દેશની જનતાને સર્વોચ્ચ પદે એક સંવેદનશીલ સ્વજન મળી રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મુને આવકારતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે દ્રોપદી મુર્મુની પસંદગી થતા દેશના વંચિત વર્ગો, અનુસૂચિત જનજાતિઓ સહિત કરોડો નાગરિકોની આશા-અકાંક્ષાઓ પૂરી થવા જઈ રહી છે. ભારતની લોકશાહીની એ સુંદરતા છે કે બંધારણે સૂચવેલા સમાનતા અને સમરસતાના આદર્શોનું સુપેરે પાલન થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી પરિવારવાદ નહીં પણ રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલી પાર્ટી છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે દ્રોપદી મુર્મુજીની પસંદગી કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકતાંત્રિક મૂલ્યોની આગવી પરંપરા ઉભી કરી છે. અંત્યોદયથી સર્વોદયનો રાહ અપનાવી આદિવાસી, જનજાતિ સમુદાયને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવાનું કામ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કરી દેખાડ્યું છે.



રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો બાદ ભારતને પ્રથમ મહિલા આદિજાતિ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુજીના રૂપમાં મળશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

દ્રૌપદી મુર્મુએ પોતાના વ્યક્તવ્યમાં કહ્યું કે, આ પ્રદેશે દેશને શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા કર્મઠ તેમજ યશસ્વી પ્રધાનમંત્રી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ જેવા કાર્યક્ષમ નેતાઓ આપ્યા છે જેમના નેતૃત્વમાં ભારત દરેક નવી સફળતા હાંસલ કરીને વિશ્વના એક મહત્વપૂર્ણ રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે તે ગર્વની વાત છે.

ગુજરાતની સંસ્કૃતિ અને કલા વિશે દ્રૌપદી મુર્મુજીએ જણાવતા તેમણે કહ્યું હતુ કે, પાટણના પટોળા, સાડી, દાંડિયા-ગરબા, તરણેતરનો મેળો, દ્વારકાનો જન્માષ્ટમીનો મેળો, ક્વાંટનો આદિવાસી મેળો, અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો, રોગાન અને પિઠોરાના ચિત્રકામથી ગુજરાતનું નામ માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ વિખ્યાત છે.

આદિકવી તરીકે જાણીતા નરસિંહ મહેતાનું ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ આજે પણ ભારતના જનમાનસના રોમ-રોમને પુલકિત કરી દે છે. મારું સૌભાગ્ય છે કે લોખંડી પુરૂષ સરદાર પટેલની સ્મૃતિમાં નિર્મિત વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીના દર્શન કરી અપાર આનંદ થયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતના વાણિજ્યિક ઈતિહાસને યાદ કરતા તેમણે કહ્યું હતુ કે, ઈસ.પૂર્વેથી જ સિંધુ ખીણની સભ્યતાનું મુખ્ય કેન્દ્ર રહેલું ગુજરાત વેપાર અને વાણિજય ક્ષેત્રે મેસોપોટેમિયા, કુવૈત, તુર્કી વગેરે પશ્ચિમિ દેશો સાથે સદીઓથી જોડાયેલું રહ્યું છે. મહેનતુ અને પરિશ્રમી લોકો ગુજરાતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વાણિજ્ય અને વેપાર ક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય બનાવવાની સાથે સાથે ન્યુ ઈન્ડિયાના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેની તેમણે પ્રશંસા કરી હતી.

પૂજ્ય બાપુનું 'સ્વચ્છ ભારત 'મિશન'નું વિઝન અને સરદાર પટેલનું 'ગામો અને શહેરોના સર્વસમાવેશક વિકાસ'નું વિઝન ભારતના આ રાજ્યમાં સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત થાય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

રાષ્ટ્રપતિ જેવા સર્વૌચ્ચ બંધારણિય હોદ્દા માટે ઉમેદાવરી કરવા અંગે તેમણે ગૌરવભેર જણાવ્યું કે, ભારતમાં લોકશાહીની પરંપરાઓનું પાલન કરવાનું એક અનોખું ઉદાહરણ સ્થાપિત થઈ રહ્યું છે. દેશના સફળ વડાપ્રધાનના નેતૃત્વમાં આજે ભારત દરેક ક્ષેત્રમાં વિકાસના નવા અધ્યાયો ઉમેરી રહ્યું છે. વિશ્વમાં ભારતનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ બનવાની સાથે સાથે સમગ્ર વિશ્વનો આપણા દેશ પ્રત્યેનો અભિગમ પણ બદલાયો છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે આહ્વાન કર્યું કે, આપણે દેશની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આ અમૃતકાળમાં આપણા વડાપ્રધાને આગામી ૨૫ વર્ષમાં દેશમાં થનારી વિકાસ યોજનાઓની વિસ્તૃત રૂપરેખા રજૂ કરતાં તમામ દેશવાસીઓ પાસેથી સકારાત્મક યોગદાન અને સમર્થનની અપેક્ષા રાખી છે. આપણે બધા એક થઈએ અને ભારતને સૌથી ગૌરવશાળી અને સમૃદ્ધ દેશ બનાવવા માટે સમર્પિત ભાવના સાથે કામ કરીએ, તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

દ્રૌપદી મુર્મુજીએ તમામને અપીલ કરી કે, તેમણે તેમનું જીવન આદિવાસી સમુદાય, મહિલાઓ અને સમાજના છેલ્લા છેવાડાના લોકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાન માટે સમર્પિત કર્યું છે. તેઓ ૧૮મી જુલાઈ, ૨૦૨૨ ના રોજ યોજાનાર ભારતના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં એન.ડી.એ.ના ઉમેદવાર તરીકે સૌ વિધાયકોને તેમના મૂલ્યવાન સમર્થનની વિનંતી કરવા આવ્યા છે. ભારતની આઝાદીના અમૃત પર્વના અમૃતકાળના અવસરે લોકશાહીના હિતમાં મહિલા શક્તિને સમર્થન આપીને ભારતીય ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરવાનું ગૌરવ મેળવવા તેમણે અપીલ કરી હતી.

# થરાદ માં રિવોલ્વર બતાવી પંજાબના વેપારી ના ૮૦ લાખ લુંટી લિધા

**લોભીયા હોય ત્યા ધુતારા ભુખે ના મરે...પંજાબ ના વેપારી ને સસ્તા સોનાની લાલચ પડી ભારે**

બનાસકાંઠા સમાચાર

સમગ્ર બનાસકાંઠા માં છાસવારે ક્રાઈમ ની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. જેમાં ચોરી લુંટ અને ધાડ ની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આવીજ એક હચમચાવી દે તેવી ઘટના બનાસકાંઠા ના થરાદ માં બની છે.

પ્રાપ્ત માહિતી અનુસાર થરાદ માં પંજાબ ના વેપારી ને ૮૦ લાખ નું સસ્તુ સોનુ આપવા થરાદ બોલાવ્યો હતો. જે બાદ પંજાબનો વેપારી વિશાલ સોની સસ્તા સોનાની લાલચમાં આવી ૮૦ લાખ રૂપિયા લઈ થરાદ ખાતે આવ્યો હતો. જે બાદ રિવોલ્વર ની અણી એ ૮૦ લાખ રૂપિયા લુંટી લેવાયા હતા.

વિશાલ સોની ને પહેલા બે સોનાના બિસ્કીટ સસ્તા આપી છ શખ્સો આ વેપારી ને લુંટી લેવા માટે કાવતરું ઘડ્યુ હતુ જે પ્રમાણે પંજાબના વેપારી વિશાલ સોની ને રિવોલ્વર બતાવી આ છ શખ્સો ૮૦ લાખ રૂપિયા લુંટી ફરાર થઈ ગયા હતા. જે બાદ પંજાબ ના વેપારી વિશાલ સોની એ ફરિયાદ નોંધાવતા પોલીસે આ ઘટના ને અંજામ આપનાર ને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

ત્યારે પોલીસે રસુલ નામના એક આરોપી ની અટકાયત કરી હતી જ્યારે બિજા આરોપીઓ ની શોધખોળ જીલ્લા એલ.સી.બી. સહીત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પણ ઝડપી પાડવા ચક્રો ગતીમાન કરી દીધા છે.

# સુધાબેન પરીખ શ્રી ઉદયપુર ગુજરાતી સમાજમાં ટ્રસ્ટી તરીકે નિયુક્ત થયા

જય જય ગરવી ગુજરાત

ઉદયપુર શ્રી ગુજરાતી સમાજના ભામાશાહ અને મુખ્ય દાતા સ્વ. આદરણીય કિરીટ ભાઈ પરીખના બહેન આદરણીય સુધાબેન પરીખ શ્રી ઉદયપુર ગુજરાતી સમાજમાં ટ્રસ્ટી તરીકે નિયુક્ત થયા બાદ પ્રથમ વખત ગુજરાતી સમાજની મુલાકાત લીધી. ટ્રસ્ટ બોર્ડના ચેરમેન નયન ભાઈ ગાંધી એ બુકે આપી સ્વાગત કર્યું સાથે ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી મહેતા અને સેક્રેટરી દિનેશ ભાઈ પટેલ એ ઉપરણા ઓઢાવીને સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટ બોર્ડના ઉપાધ્યક્ષ નાનજીભાઈ પટેલ અને ટ્રસ્ટ બોર્ડના સેક્રેટરી રમેશભાઈ પટેલ એ તેમનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. સુધાબેન



પરીખે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે "ઉદયપુર ગુજરાતી સમાજનો વિકાસ થયો છે, હું ખૂબ જ ખુશ છું" અને તેમણે શુભેચ્છાઓ આપી હતી. આ માહિતી ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી મેહતા દ્વારા આપવામાં આવી.

હંમેશા આપની સેવામાં

પ્રમુખઃ રાજેશ બી મહેતા

સચિવઃ દિનેશ ભાઈ પટેલ

# પાલનપુર એલ.સી.બી. પોલીસે ફિલ્મી ઢબે ફોર્ચુનર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો : ગાડી ચાલક ફરાર

બનાસકાંઠા સમાચાર

પાલનપુર એલ.સી.બી. પોલીસ સ્ટાફના માણસો શનિવારે ડીસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન એક ફોર્ચુનર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ધાનેરા તરફથી આવી ડીસા તરફ આવવાનો હોવાથી ખાનગી બાતમીના આધારે ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરી ચંડીસર નજીક ગાડી ઝડપી પાડી હતી. જેમાં ફોર્ચુનર ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો/ બીયર ટીન અને ગાડી મળી કુલ રૂ.૧૨,૩૬,૬૭૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગે ગઢ પોલીસે



ભાગી જનાર ગાડી ચાલક નરેશ મોતીરામ ચૌધરી (રહે.પલાદર, તા.સાંચોર) અને અન્ય એક શખ્સ સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છેઃ સેન્ટ્રલ બેંક ઓફ ઇનડિયા









અમદાવાદ,

દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પણ આ અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, ૧૬મી જુલાઈના રોજ, સમગ્ર ગુજરાત પ્રદેશમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને વિવિધ શાળાઓમાં 'જ્ઞાન ગંગા પ્રશ્ન્ન મંચ' દ્વારા 'વૃક્ષો વાવણી'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ઝોન હેઠળની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની તમામ પ્રાદેશિક કચેરીઓ દ્વારા સ્થાનિક પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જ્યારે શાળાઓની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ વચ્ચે આ 'જ્ઞાન ગંગા પ્રશ્ન્ન મંચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ, જામનગર, બરોડા, સુરત, અમદાવાદ અને ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રદેશ પ્રમુખો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને વૃક્ષોનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. આજે બગડતા પર્યાવરણનું સંતુલન જાળવવા વૃક્ષોનું મહત્વ ઘણું વધી ગયું છે. આ કાર્યક્રમ અંતર્ગત તમામ પ્રાદેશિક કચેરીઓ દ્વારા ૭૫-૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

જ્ઞાન ગંગા પ્રશ્ન્ન મંચ દ્વારા પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સુરત પ્રાદેશિક કચેરી દ્વારા સુરતની સ્થાનિક રોઝ બડ્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓને ૫૦ પ્રશ્નોની ક્વિઝ આપવામાં આવી હતી જેના જવાબ વિદ્યાર્થીઓએ આપ્યા હતા. આ સ્પર્ધા જામનગર પ્રાદેશિક કચેરી દ્વારા સ્થાનિક જે.એસ.મહેતા શાળામાં પ્રાદેશિક વડાની હાજરીમાં યોજવામાં આવી હતી જેમાં ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

આ ક્રમમાં રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગર પ્રાદેશિક કચેરીઓએ પણ સ્થાનિક શાળાઓમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# સે. ૨૨માં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ માટેની મેગા ઇવેન્ટ યોજાઈ

## મોટી સંખ્યામાં નગરજનોને જ્ઞાન સાથે ગમ્મતનો લાભ મળ્યો

*ગાંધીનગર,*

*આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા અને બાયો ફિક્સ પ્રાઈવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે સેક્ટર ૨૨ રંગમંચ ખાતે "ફીટ્સ ઓન સ્ટ્રીટ અ ગ્રીન કાર્નિવલ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ડોક્ટર ધવલ પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી કેયુર જેઠવા તેમજ સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. "ફીટસ ઓન સ્ટ્રીટ"*




*ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલ અંગે જનજાગૃતિ માટેની અત્યાર સુધીની સૌથી મોટી ઈવેન્ટ બનેલ છે જેમાં ૫૦૦૦થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો.આ ઈવેન્ટ નો ઉદ્દેશ્ય* learn,play and enjoy*ના માધ્યમથી સસ્ટેનેબલ લાઈફ સ્ટાઈલને અપનાવવા માટે જાગૃતિ લાવવાનો હતો.આ ઈવેન્ટમાં નુક્કડ નાટક અને રમતગમતના માધ્યમથી કચરાના સેગ્રીગેશન તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશને ટાળવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટાર્ટઅપ્સ અને સોશિયલ એન્ટરપ્રાઈઝીસને આ ઈવેન્ટ દ્વારા પોતાના ઉત્પાદનો અને સેવાઓ લોકો સુધી પહોંચાડવા માટે મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં બાયોફિક્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વેસ્ટ કમ્પોસ્ટિંગ મશીન, મીની બાયોગેસ મશીન, બાયો ફર્ટિલાઈઝર અને બાયોએન્જાઈનનું નિદર્શન કરવામાં આવ્યું.રીકો સોલ્યુશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવેલ વિવિધ ઉપયોગી ઉત્પાદનો જેવા કે કુંડા,ઘડિયાળ,બેંચ વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.બાયો પોટ સંસ્થા દ્વારા ગાયના છાણ તથા સુકાયેલા ઘાસમાંથી એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી કુંડાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. જેનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.ગ્રીન ટેન્સ સંસ્થા દ્વારા વાંસમાંથી બનાવેલ ટુથ બ્રશ, ઈયર બર્ડ, કોમ્બ વગેરે ઉત્પાદનો દ્વારા પ્લાસ્ટિકનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો."ઉપરાંત ફાઉન્ડેશન"દ્વારા પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ઘટાડવાના હેતુથી જુના વાડજ ની રેગ પિકર્સ બહેનોના સહયોગથી કપડાની થેલીઓ બનાવી આ મહિલાઓને આજીવિકા પૂરી પાડી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.સેનેટરી પેડ્સ દ્વારા પર્યાવરણને થતા નુકસાનને અટકાવવા માટે "યુનિપેડ્સ" દ્વારા સ્થાનિક મહિલાઓના સહયોગથી ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા કપડાના સેનેટરી પેડ્સ બનાવવામાં આવ્યા હતા. જેનું આ ઈવેન્ટમાં પ્રદર્શન કરવામાં આવ્યું.ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ સમગ્ર ઈવેન્ટનું આયોજન સ્વચ્છ ભારત મિશનની ઝીરો વેસ્ટ ઈવેન્ટ માર્ગદર્શિકા મુજબ કરવામાં આવ્યું હતું. આમ આ સમગ્ર ઈવેન્ટમાં ઉત્પન્ન થયેલા સૂકા કચરાને રિસાયકલ કરવામાં આવશે તેમજ ભીના કચરામાંથી ખાતર બનાવવામાં આવશે.*

# જૂનાગઢના જટાશંકર મહાદેવમાં મનાઈ છતાં ભાજપ નેતા ભરત બોધરાએ સ્નાન કર્યું

જુનાગઢ,તા.૧૭

ગિરનાર જંગલમાં આવેલા જટાશંકર મહાદેવની જગ્યામાં ગંદકીના લીધે લોકો માટે મંદિર બંધ કરવામાં આવ્યું હતું. તેમ છતાં ગઈકાલે જસદણના પૂર્વ ધારાસભ્ય અને હાલ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. ભરત બોઘરા જટાશંકર દર્શન માટે ગયા હતા. તેમજ ત્યાં ન્હાવાની મનાઈ હોવા છતાં ન્હાયા હતા. જેનો વીડિયો પણ બનાવ્યો હતો. જેને લઈ હોબાળો મચ્યો છે. આ અંગે દિવ્ય ભાસ્કરે ડો. ભરત બોઘરા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, હું ત્યાં ન્હાયો નથી, માત્ર દર્શન કર્યા છે. આ તસવીરો અને વીડિયો બે-ત્રણ વર્ષ જૂના છે. જોકે, તેમણે ગઇકાલે પોતાના સોશિયલ મીડિયા પેજમાં આ તસવીરો મુકતા વિવાદ વકર્યો છે. આ અંગે જૂનાગઢ આરએફઓએ કહ્યું છેકે, નિયમ તોડ્યો હશે તો કાર્યવાહી થશે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪ દિવસથી જટાશંકર મંદિર લોકો માટે બંધ કરાયું હતું, પણ હવે નેતાજીના ગયા બાદ લોકો માટે ખુલ્લું મુકાયું છે. હવે કોઈ પણ મહાદેવના દર્શન માટે જઇ શકશે. વન વિભાગ દ્વારા જણાવાયું હતું કે, આ વિસ્તારમાં સિંહ મોટા પ્રમાણમાં હોવાથી ન્હાવાની મનાઈ કરાય છે. ઉપરાંત લોકો કચરો કરતા હોવાથી ત્યાં જવા માટે બંધ કરાયું હતું. હવે જયારે ગઈ કાલે ભાજપના નેતા આવ્યાં હોવાથી ના છૂટકે ગેટ ખોલવો પડ્યો હતો.

ભાજપના નેતા ત્યાં ન્હાયા હોવાનો વીડિયો અને ફોટો પણ સામે આવ્યા હતા. જેને લઈ અહીંના ઈર્લ્ફએ જણાવ્યું હતું કે, ગઈકાલે શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માનો ફોન આવ્યો હોવાથી ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષને મંદિરમાં દર્શન કરવા જવા દીધા હતા. પણ જો ન્હાવાનો કોઈ વીડિયો બનાવ્યો હશે તો કાર્યવાહી કરીશું.

પ્રતિબંધ છતાં ડો. ભરત બોઘરા જટાશંકરમાં ન્હાયા હોવાની તસવીરો અંગે પૂછવામાં આવતા ભરત બોઘરાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, હા હું પરિવાર સાથે જટાશંકર ગયો હતો. અમે ત્યાં માત્ર દર્શન જ કર્યા છે અમે ન્હાયા નથી. જે વીડિયો અને ફોટો છે તે બેથી ત્રણ વર્ષ જૂના છે. અત્યારના નથી. જોકે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીત બાદ તેમણે પોતાના સોશિયલ મીડિયા પેજ પરથી આ તમામ તસવીરો ડીલિટ મારી દીધી હતી.ડો. ભરત બોઘરાએ જટાશંકર પહોંચીને વીડિયો પણ બનવ્યો હતો. તેઓ લોકોને અહીં આવવા માટે અપીલ કરી રહ્યા છે. જે વાઈરલ થયો છે. ભાજપના ઉપાધ્યક્ષે વીડિયોમાં જણાવ્યું હતું કે, અમે મિત્રો પરિવાર સાથે જટાશંકર મહાદેવના દર્શન માટે આવ્યાં છીએ. મારી તમામ ભક્તોને વિનંતી છે કે શ્રાવણ મહિનો આવી રહ્યો છે તો કોઇએ અહિં પ્લાસ્ટીક ન ફેકવું તેમજ કચરો ના કરવો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.